An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article
ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02026

# અનુઆધુનિક ગુજરાતી નાટકમાં માનવ સંવેદના

મનિષકુમાર હીરાભાઈ વણકર

## સારાંશ

માનવ સંવેદનાની અભિવ્યક્તિમાંથી નાટકની ઉત્પત્તિ થઈ છે. નાટક ભારતની વિધ વિધ ભાષામાં સર્જાતું રહ્યું છે. ઐતિહાસિક, પૌરાણિક,કાલ્પનિક કે સામાજિક કથાવસ્તુ લઈને તેની રચના થતી રહી છે. તેમાં સમાજના પ્રતિબિંબની ઝાંખી જોવા મળે છે. સાંપ્રત સમયમાં માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધોમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે. સંતાનો આધુનિક પ્રવાહ, શહેરીકરણના પ્રભાવમાં અને પશ્ચિમી સંસ્કૃતિની અસરને પરિણામે માતાપિતા સાથેનો સબંધ નામ શેષ રહે છે. તેમજ સંયુક્ત કુટુંબમાં સ્ત્રીનું અપમાન, અનાદર, તિરસ્કાર અને ઉપેક્ષા થતી રહી છે. તેનો સબંધ કેવળ રસોડા પૂરતો સિમિત રહે છે. તેને નોકરી, વ્યવસાય કરવા પર પ્રતિબંધ હોય છે. ન તો તેના સપના , આકાંક્ષા, માન સન્માન પદ કે પ્રતિષ્ઠા તેને આપવામાં આવે છે. 102 નોટ આઉટ અને બાએ મારી બાઉન્ડ્રી આ બંને નાટકો માતાપિતા અને સંતાનોના સબંધ તેમજ સંયુક્ત કુટુંબ અને સમાજમાં સ્ત્રીની થતી ઉપેક્ષાને ઉજાગર કરે છે.

ચાવીરૂપ શબ્દો : સમાજ, સંસ્કૃતિ, વ્યવસાય, શહેરીકરણ, ભારતીય, સંવેદના.

*"आङ्गिक भुवनं यस्य वाचिकं सर्ववाङ्मयम।*
*आहार्यं चन्द्रतारादि तं नुमः सात्विक शिवम्।"*

અર્થાત, સમગ્ર વિશ્વ જેનો આંગિક અભિનય છે. સંપૂર્ણ વાગ્મય જેનો વાચિક અભિનય છે ચંદ્ર  તારાથી મંડિત સૃષ્ટિ જેનો આહાર્ય અભિનય છે અને સાત્વિક અભિનય સ્વરૂપમાં સ્વયં ભગવાન શંકર બિરાજમાન છે. તેવા અભિનયના અધિદેવતા 'નટરાજ' શિવને અમે વંદન કરીએ છીએ. નટરાજની શિલ્પાકૃતિ દ્વારા પાંચ દૈવી ક્રિયાઓ અથવા પંચક્રિયા સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહ વ્યક્ત થાય છે.

ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિક સમયગાળામાં સાહિતિક ઓછા અને થિયેટરલક્ષી નાટકો વધારે પ્રમાણમાં રચાયા છે. તેના પાયામાં મનોરંજન, આર્થિક અને વ્યવસાયિક દ્રષ્ટિકોણ રહેલો છે. વધુ પ્રેક્ષકો મેળવવા વિષયવસ્તુને વધુ મસાલેદાર અને ચીલાચાલુ પસંદ કરવામાં

*લેખક સંપર્ક: મનિષકુમાર હીરાભાઈ વણકર, પીએચ.ડી. શોધાર્થી, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: vankarmanish143@gmail.com, ORCID: https://orcid.org/0009-0002-8211-3414

© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

આવે છે. પ્રવર્તમાન સમયમાં સૌમ્ય જોશી પાસેથી 'વેલકમ જિંદગી', '102 Not Out' અને 'મહાત્મા બોમ્બ' પ્રાપ્ત થાય છે. અમદાવાદ અને મુંબઈમાં તેમના નાટકો વધુ મંચસ્થ થયા છે. આતિશ કાપડિયા, ભાવેશ માંડલિયા, વિપુલ શાહ, ઈમ્તિઆઝ પટેલ અને અભિજિત જોશી આદિ નાટ્ય સર્જકો સિનેમા ક્ષેત્રે વધુ સક્રિય છે. તેમના નાટકો પરથી બોલીવૂડમાં સફળ ફિલ્મ રૂપાંતર થયેલા છે.

અનુઆધુનિક નાટકો પ્રકાશિત ઓછા થયા છે. પરંતુ મંચસ્થ ભજવાયા છે. તેમજ પ્રેક્ષકો દ્વારા તેને બહોળો પ્રતિસાદ પણ પ્રાપ્ત થયો છે. તેમાં મારે જે નાટકોની વાત કરવી છે તે '102 Not Out' અને 'બાએ મારી બાઉન્ડ્રી'.

## '૧૦૨ નોટ આઉટ' નાટક

'102 Not Out' નાટક સૌમ્ય જોશી દ્વારા લિખિત દિગ્દર્શીય અને સિનેમા ક્ષેત્રે જાણીતા નિર્દેશક ઉમેશ શુક્લા દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આ નાટકમાંથી 'સો'થી વધારે પ્રયોગો થઇ ચુક્યા છે.

'102 Not Out' દ્વિઅંકી નાટક છે અને માત્ર ત્રણ જ પાત્રો છે અને તેમાય ત્રણેય પુરુષ પાત્રો છે એક પણ સ્ત્રી નથી કે ન તો સ્ત્રીની વાત નાટકમાં ક્યાંય કરવામાં આવી છે. પ્રવર્તમાન પ્રેક્ષકોને કદાચ ન ગમે છતાં પોતાના લેખન કુશળતાથી સૌમ્ય જોશીએ નાટકને સફળ બનાવ્યું છે અને કથાવસ્તુ સાથે પ્રેક્ષકોને જકડી રાખ્યા છે.

નાટકની શરૂઆત દત્તાત્રેય જગજીવનદાસ વખારિયાના ઘરથી થાય છે. દત્તાત્રેય વખારિયા અને તેમનો દીકરો બાબુ એક બંગલામાં રહે છે. દત્તાત્રેયની ઉંમર ૧૦૨ વર્ષની છે અને બાબુની ઉંમર ૭૫ વર્ષની. એક બંગલામાં રહેતા હોવા છતાં અને બંને વચ્ચે પિતા-પુત્રનો સંબંધ હોવા છતાં બંનેનાં વિચારો તેમજ તેમજ જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણમાં ભિન્નતા રહેલી છે. પિતા ૧૦૨ વર્ષની ઉંમરે પણ જિંદગીને આનંદથી જીવવામાં માને છે. જયારે પુત્ર ૭૫ વર્ષનો હોવા છતાં નિરસ અને નિરર્થક જિંદગી જીવી રહ્યો છે. તેથી પુત્રને જીવન માણતા શિખવવાનો પડકાર પોતે ઉપાડે છે. તેના માટે તેમને દવાની દુકાનમાં કરતો 'ધીરુ' સાથ આપે છે. દત્તાત્રેય વખારિયાને મીનના યુંગ પેનો સૌથી લાંબુ આયુષ્ય ભોગવવાનો ૧૧૫ વર્ષનો રેકોર્ડ તોડવો છે. પરંતુ, તેનાથી વધારે પડકાર તેમના પુત્રને જીવનના રસને આનંદથી માણતા શિખવવામાં આવે છે.

નાટકમાં નવીન વસ્તુ એ જોવા મળે છે કે અત્યાર સુધી સમાજમાં સંતાનો પોતાના માતાપિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. પરંતુ અહી પિતા પોતાના પુત્રને વૃદ્ધાશ્રમમાં મૂકવાની વાત કરે છે. પરંતુ તેમાં વક્રતા રહેલી છે. પિતાનો પુત્ર પ્રત્યેનો તિરસ્કાર નહિ પરંતુ તેને જિંદગી જીવતા શિખવવા માટે દત્તાત્રેય આ પગલું ભરવા માંગે છે.

નાટકમાં બીજી એક આવડ્ત એ છે કે જેનો વસવસો બાબુને સતત સતાવે છે અને તે તેનો દીકરો અમોલ ૧૭ વર્ષથી વિદેશમાં વસવાટ કરે છે પરંતુ ન તો પિતાને મળવા આવે છે કે ન તો પિતાને વિદેશમાં બોલાવે છે. તેમજ ન તો કોઈ ફોન કે પત્ર પિતાને મોકલે છે. આમ પુત્રના વિરહનો ઝુરાપો સતત વાત્સલ્યસભર પિતા બાબુને ડંખે છે અને જીવનમાં ખાલીપો અનુભવે છે. આમ પિતા-પુત્ર વચ્ચેના સંબંધ અને વાર્ધક્ય ભાવની અનુભૂતિ અનુભવાય છે. બે ભિન્ન દેશની સંસ્કૃતિ વચ્ચેનો ભેદ ઉડીને આંખે વળગે છે. ભારતીય પરંપરામાં માતા-પિતા અને સંતાનો વચ્ચે  જીવનના અનેક ઉતાર-ચઢાવ, સુખ-દુઃખ કે વિકટ પરિસ્થિતિમાં એકબીજા સાથેનો નાતો જોડાયેલો રહે છે. જયારે વિદેશમાં વસતા સંતાનો ત્યાંની સંસ્કૃતિના રંગે રંગાઈને પૈસા, ભૌતિક સંપત્તિ પામવાનો સ્વાર્થ અને વૈભવી જીવન શૈલીની ઘેલછામાં પોતાનો

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

દેશ, સંસ્કૃતિ, પરંપરા તો ઠીક માતા-પિતાને પણ ભૂલી જાય છે. તેથી દત્તાત્રેય બાબુને કહે છે કે "અમુક ઉંમર પછી દીકરાઓને ભૂલી જવા સારા, એમના બાળપણને યાદ રાખો"

દત્તાત્રેય બાબુને વૃદ્ધાશ્રમમાં મુકવાનો નિર્ણય કરે છે પરંતુ જો બાબુ પિતાની કેટલીક શરતોનું છ મહિના સુધીમાં પાલન કરે તો પોતાનો નિર્ણય બદલશે. શરતોનું પાલન કરવા સિવાય બાબુ પાસે અન્ય કોઈ વિકલ્પ નથી તેથી આ પડકાર ઉપાડવા માટે તૈયાર થાય છે. તેમ તેનામાં પરિવર્તન આવતું જાય છે. જિંદગીને યુવાવસ્થાની માફક જીવવા લાગે છે.

દત્તાત્રેય બાબુ સમક્ષ છેલ્લી શરત મુકે છે કે અમોલ પ્રોપર્ટીના નામે મળવા આવે ત્યારે તેનો તિરસ્કાર કરવો પિતા તરીકે પુત્રનો તિરસ્કાર કરવો અશક્ય છે. બાબુ માટે વિકટ પરિસ્થિતિ ઉદ્દભવે છે. પરંતુ નાટ્યાત્મક વળાંક આવે છે અને બાબુ અમોલનો તિરસ્કાર કરે છે. બાપ તરીકે દત્તાત્રેયને લાગે છે કે બાબુ જીવનના રંગોને આનંદથી માણતા શિખી ગયો. દત્તાત્રેયને મગજમાં ટ્યુમર હોય છે. તેથી લાંબુ જીવી શકે તેમ નથી. અંતે પોતાના મૃત્યુ સમયે બાબુને સીટી વગાડવાનું કહી પોતાની જીવનલીલા સંકેલી અનંત યાત્રાએ નીકળી જાય છે ત્યારે બાબુ સીટી વગાડે છે. આ દ્રશ્ય પ્રેક્ષકોની આંખો ભીની કરી જાય છે.

નાનકડા કથાનક દ્વારા પિતા-પુત્ર વચ્ચેનો સંબંધ, વૃદ્ધાવસ્થા સમયે સંતાનોનો વિરહ, ઝુરાપો અને ખાલીપાની વેદનાને આગવી શૈલીમાં સૌમ્ય જોશીએ રજુ કરી છે.

## '૧૦૨ નોટ આઉટ' ફિલ્મ

102 Not Out ફિલ્મ જોશી લિખિત ગુજરાતી નાટક '102 Not Out' પરથી એ જ નામ આધારિત ઉમેશ શુક્લાએ ફિલ્મ બનાવી અમિતાભ બચ્ચન અને રિશી કપૂર જેવા મહાન અભિનેતાને પિતા-પુત્રના સંબંધમાં પોતાની ભૂમિકા ભજવી.

102 Not Out ફિલ્મ જોતાની સાથે જ બાગબાન ફિલ્મની યાદ આવી જાય. સંતાનો માતાપિતાને ભૂલી જાય છે. કેવળ તેમની ધન-દોલત અને ભૌતિક સંપતિમાં જ તેમનો લગાવ હોય છે. લગ્ન પછી કેવળ પત્નીના ગુલામ તરીકે રહેવું તેવી આધુનિક નવયુવક-યુવતી તરફ નફરત તિરસ્કારની પ્રવર્તમાન પ્રચલિત વિચાર શૈલીને આગળ ધપાવતી આ ફિલ્મ છે. ભારતમાં યુવા ધનને દેશનું આવતીકાલનું ભવિષ્ય માનવામાં આવે છે પરંતુ બીજી તરફ આ જ યુવા ધનને પોતાને જન્મ આપનાર માતા-પિતાની ઉપેક્ષા કરનાર વૃદ્ધાવસ્થામાં તરછોડનાર અવગણના કરનાર તરીકે ચિતરવામાં આવે છે બે વિરોધી વિચારધારા પ્રવર્તમાન સમયમાં જોવા મળે છે. જે આ ફિલ્મમાં છતી થાય છે.

ફિલ્મમાં પિતા-પુત્રના સંબંધની સાથે વાર્ધક્યભાવ પણ જોવા મળે છે. "मैं पच्चतर साल का बूढढा हूं वृद्ध, मेने बुढापा अपना स्वीकार किया है।" બાબુના આ સંવાદમાં જ વૃદ્ધાવસ્થામાં માનસિકરૂપથી હતાશ, નિરાશ, મનથી ભાગેલા માણસની અનુભૂતિ થાય છે બાબુ સનકી અને જીદ્દી સ્વભાવનો છે. તેના પિતા દત્તાત્રેય વખારિયા ૧૦૨ વર્ષની ઉંમર હોવા છતાં રસિક અને જીવનની દરેક ક્ષણને આનંદથી જીવવામાં માને છે. તેમને ચીનના યુગ પે ના ૧૧૮ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવવાનો રેકોર્ડ તોડવો છે. પરંતુ, બાબુની એકલતા અને પુત્રના વિરહથી જીવનમાં અનુભવાતી નિરાશા તેમના માટે મોટો પડકાર બને છે.

દત્તાત્રેય વખારિયા બાબુના જીવનને આનંદિત બનાવવાનું નક્કી કરે છે. તેથીં તેને વૃદ્ધાશ્રમમાં મુકવાનું નક્કી કરે છે પરંતુ કેટલીક શરતો મૂકે છે એ બાબુ પૂરી કરે તો વૃદ્ધાશ્રમમાં મુકવાનો નિર્ણય બદલાય તેથી બાબુ એક પછી એક શરતો પૂરી કરતો જાય છે. તેમ તેના જીવનમાં

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
ISSN : 3049-3927(Online)

બદલાવ આવતો જાય છે અને અંતે પોતાના જીવનને આનંદથી જીવતા શિખી જાય છે. બાબુનો પુત્ર ૧૭ વર્ષ થઇ ગયા હોવા છતાં મળવા માટે આવતો નથી ત્યારે દત્તાત્રેય વખારિયા કહે છે કે “**औलाद नालायक निकले तो उसे भूल जाना चाहिए, सिर्फ उसका बचपन याद रखना चाहिए बचपन॥**” પિતા પુત્રના ભવિષ્ય માટે પોતાના સંપૂર્ણ જીવનનો ત્યાગ કરી દે છે. પરંતુ, જીવનની ઉત્તરાવસ્થામાં તેને એકલતા અને હતાશા સહન કરવી પડે છે. પિતા પુત્રની સાથે વાર્ધક્ય ભાવ પણ આ ફિલ્મમાં જોવા મળે છે. અમિતાભ બચ્ચન અને રિશી કપૂર પોતાના પાત્રને અનુરૂપ સુંદર અભિનયથી નિભાવ્યું છે. ફિલ્મનો અંત ભાવનાત્મકતા જોવા મળે છે. કેવળ ત્રણ પાત્રો તેમાં એક પણ સ્ત્રી પત્ર નથી જે અત્યારના પ્રેક્ષકને અનૂકુળ ણ આવે. છતાં પારિવારિક ફિલ્મ જોવા મળે છે. દિગ્દર્શક ઉમેશ શુક્લા નાટકના કથાવસ્તુને ફિલ્મી રૂપાંતર કરવામાં કચાશ અનુભવાય છે. પ્રથમ ભાગમાં ધીમે ધીમે કથા આગળ ચાલે છે. તેમજ ઘટનાની પુનરાવૃત્તિનો અનુભવ થાય છે. ૧૦૨ વર્ષની ઉંમરે શરીર પણ સાથ ન આપે અને સહારાની જરૂર પડે ત્યારે દત્તાત્રેય વખારિયાને પચ્ચીસ વર્ષની માફક રસિક, મોજીલા અને હષ્ટપૃષ્ટ છે. તેમના અવાજ બોલવાની છટા અને શરીરની તંદુરસ્તી જોતા ક્યાંય ૧૦૨ વર્ષના વૃદ્ધનો અનુભવ થતો જ નથી. પિતા-પુત્રના પ્રેમાળ સંબંધને સુંદર વાંચા આપવામાં આવી છે.

## ‘બાએ મારી બાઉન્ડ્રી’ નાટક

‘બાએ મારી બાઉન્ડ્રી’ અપ્રકાશિત નાટક છે જેના લેખક ઈમ્તિયાઝ પટેલ દિગ્દર્શક વિપુલ મહેતા તેમજ તેનું નિર્માણ સંજય ગોરડિયા અને કૌસ્તુક ત્રિવેદીએ કર્યું છે.

બાએ મારી બાઉન્ડ્રી એક સામાજિક વ્યંગાત્મક કોમેડી નાટક છે. ભારતના સામાન્ય મધ્યમ વર્ગ અને સંયુક્ત કુટુંબમાં સ્ત્રીની કરવામાં આવતી ઉપેક્ષા તેના માન-સન્માનને ઠેસ પહોચાડવામાં આવે છે. તેમજ તેના ભોળા સ્વભાવની મજાક બનાવવામાં આવે છે. આધુનિક જીવન શૈલીથી જીવવા ટેવાય ગયેલા સંતાનો દ્વારા સતત અવગણના કરવામાં આવે છે.પોતાના અંગત જીવનમાં દખલગીરી કે સલાહ સુચન સામે પણ પ્રશ્નો સર્જે છે. તેનું સમગ્ર જીવન ઘરની ચાર દીવાલો અને રસોડા પુરતું સીમિત થઇ જાય છે. પતિ અને પરિવારની સારસંભાળમાં પોતાનું સમગ્ર જીવન નિસ્વાર્થ ભાવે સમર્પિત કરી દે છે. આ નાટકમાં આરતી ભાટિયા સુખી સંપન્ન અને સમૃદ્ધ બી.પી.ઓ.ની પત્ની છે. પુત્ર સુકેતુ મહત્વકાંક્ષી સ્ટોક બ્રોકર છે. પુત્રવધુ આસ્થા ટી.વી. અભિનેત્રી બનવા માટે સતત પ્રયત્નશીલ છે. પુત્રી ગાર્ગી સમીર નામના પરણિત પુરુષ સાથે આડો સંબંધ ધરાવે છે. તેમજ લીવ ઇન રિલેશનશિપમાં રહેવા માટે પણ જાય છે. આ અમેરિકાની બીમારી છે જે ભારતમાં પણ પ્રસરી ચુકી છે. અમેરિકામાં સંશોધન કરી શોધવામાં આવેલી દવાને ભારતમાં આવતા વર્ષો લાગી જાય છે. પરંતુ, બીમારીને આવતા વાર લગતી નથી .પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કને પરિણામે તેનો સાદો ભારતીય સંસ્કૃતિમાં પ્રસરી ચૂક્યો છે. જેની વિકૃત અસરનો ભોગ નિર્દોષ નવયુવાનો બની રહ્યા છે.

મિ.ભાટિયા દ્વારા ભારતીનું સતત અપમાન કરવામાં આવે છે. પુત્રવધૂ અને બંને સંતાનો દ્વારા સતત ભારતીની ઉપેક્ષા કરવામાં આવે છે. ભારતી ભાટિયાએ પતિની સફળતા માટે સંપૂર્ણ જીવનનો ત્યાગ કર્યો અને બાળકોનો ઉછેર અને ઘરની જવાબદારી પોતે ઉપાડી. જેથી પતિ પોતાનું સંપૂર્ણ ધ્યાન પોતાના વ્યવસાય પર આપી શકે અને જયારે સફળતા પ્રાપ્ત થાય છે ત્યારે તેનો સંપૂર્ણ શ્રેય કેવળ પોતાની જાતને આપે છે. ત્યારે ભરતી પશ્ચાતાપ અનુભવે છે. પ્રપૌત્ર મનન અમેરિકાથી ઇન્ડિયન હેરીટેજ પર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવા માટે આવે છે તે નાનીની અવદશા જુએ છે અને તેના મહત્વને પરિવારને સમજાવવામાં તેની મદદ કરે છે.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

મોડલિંગ અને ફેશન-શોમાં ભારતી ઉત્તરોતર પ્રગતિ કરતી જાય છે ત્યારે ચિ.ભાટિયાને ભારતીનું જીવનમાં મહત્વ સમજાય છે. નાટકના અંતે એક વળાંક આવે છેઅને રહસ્ય ઉજાગર થાય છે. મનન અમેરિકામાં ફોટોગ્રાફીના વ્યવસાયમાં નિષ્ફળ ગયો હતો તે પ્રેરણાના પાઠ શીખવા માટે નાની પાસે આવ્યો હતો.નાનાની મદદ કરતા કરતા તેને પણ જીવનનો માર્ગ મળી જાય છે.

નાટકમાં નાની પોતાના અપમાનની સામે વિદ્રોહ કરે છે. ત્યારે ભાવનાત્મકતાની જગ્યાએ હાસ્ય જોવા મળે છે. શબ્દરૂપી વ્યંગ્ય કટાક્ષમાં હાસ્ય રેલાય છે. નાટકના બીજા અંકમાં કથાનું પોત-પાતળું પડતું જાય છે. તેમજ તે સમયના યશસ્વી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રકલ્પ 'ગરવી ગુજરાત' અંતર્ગત વલસાડના તીથલથી લઇ સુરત, વડોદરા, સરદાર પટેલનો ખેડા જીલ્લો અને ઔદ્યોગિક નગર અમદાવાદની અસ્મિતાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે.

## સુપર નાની ફિલ્મ

સુપર નાની ફિલ્મ ઈ.સ. ૨૦૧૪માં પ્રદર્શિત થઇ હતી. તેના દિગ્દર્શક હત ઇન્દ્રકુમાર. ફિલ્મમાં રેખા, રણધીર કપૂર, શર્મન જોશી અને અનુપમ ખેર મુખ્ય ભૂમિકામાં હતા. મૂળે આ ફિલ્મ ઈમ્તિયાઝ પટેલના ગુજરાતી નાટક 'બાએ મારી બાઉન્ડ્રી' પર આધારિત હતી.

દરેક ભારતીય નારી માટે તેનો પતિ પૂરી દુનિયા હોય છે. જીવનની શરૂઆત તેનાથી થાય છે અને અંત પણ તેનાથી. દીકરી, બહેન, પત્ની અને છેલ્લે આ દરેક અવતારરૂપે સ્ત્રી સંપૂર્ણ સમર્પિત થઇ જાય છે. પતિ, સંતાનો અને પરીવારની સારસંભાળમાં પોતાનું સમગ્ર જીવન કોઈપણ અપેક્ષા વગર નિસ્વાર્થ ભાવે ન્યોછાવર કરી દે છે. ઘરની જવાબદારી સંભાળતા સંભાળતા હાથમાં લાગેલી મહેંદી ક્યારેય સફેદ વાળમાં લાગી જાય છે. તેનું ભાન પણ રહેતું નથી. તેની સવાર થાય છે તો પરિવાર માટે અને સાંજ થાય છે તો પરિવાર માટે.

સુપર નાની ફિલ્મના કેન્દ્રમાં 'મા'ની ભૂમિકા છે. એક વેલ એજ્યુકેટેડ સુખી સમૃદ્ધ પરિવારમાં 'મા'ની સ્થિતિ કેવી છે તે વરવી વાસ્તવિકતા આ ફિલ્મનું મુખ્ય પાસું છે. ફિલ્મની શરૂઆત 'ન્યુયોર્ક' શહેરની ગગનચુંબી ઈમારતોથી થાય છે. મનન મહેરાની શોર્ટ ફિલ્મ દ્વારા ફિલ્મના વિષયવસ્તુ અંગેનો ખ્યાલ આવી જાય છે."દુનિયાના કરોડો માણસ એવા છે કે પગાર વગર દિવસ-રાત કામ કરે છે અને જે મા છે."

ફિલ્મમાં ભારતીય સંસ્કૃતિ આદર્શો; સિદ્ધાંતો, મૂલ્યો, રીતી-રીવાજો અને પરંપરા તેમજ પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ જોવા મળે છે. પશ્ચિમી સંસ્કૃતિની અસર અને આધુનિક જીવનશૈલીથી પ્રભાવિત સંતાનો ભારતીય મૂલ્યોની અવગણના કરી રહ્યા છે. બીજી તરફ અમેરિકામાં રહીને પણ મનન મહેર ભારતીય અસ્મિતા સાથે જોડાયેલો રહે છે અને સમય આવ્યે પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ પણ કરે છે. ઇન્ડિયન હેરીટેજ પર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવા માટે મનન ભારત પોતાના નાનાનાં ઘરે આવે છે. ત્યાં તે વિકટ પરિસ્થિતિ જુએ છે. નાના, મામા-મામી અને માસી દ્વારા નાનીની સતત ઉપેક્ષા કરવામાં આવે છે. સતત તેનું અપમાન કરવામાં આવે છે.

R.K. ભાટિયાના પાત્રમાં રણધીર કપૂર પુરુષ તરીકેનો ઈગો રહેલો છે. સ્ત્રીને પગલુછણિયું સમજે છે. પોતાની પત્ની ભારતીને તેનું કામ કેવળ રસોડું સંભાળવાનું છે. તેથી આગળ વધીને કહે છે કે "જિંદગીના ગણિતમાં અમે સો સુધી પહોચી ગયા અને તું ઝીરોની ઝીરો રહી ગઈ"8 મહત્વકાંક્ષી પુરુષ તરીકેનો દંભ તેમના પાત્રમાં અનુભવાય છે.

બેસ્ટ CEO તરીકેનો Z-cine એવોર્ડ R.K.ભાટીયાને પ્રાપ્ત થાય છે. તેનો સંપૂર્ણ શ્રેય પોતાની પત્નીને નહિ પરંતુ ચાંદની માથુરને આપે છે. જે કેવળ તેની દોસ્ત છે. પતિની સફળતા માટે અનેક ત્યાગ પત્ની એ કર્યાં છતાં તેનું પોતાના જીવનમાં મહત્વ ત્રણ બાળકોના પિતા બનાવવાનું છે. આ તમામ પરિસ્થિતિ માટે મનન નાનીને પોતે જવાબદાર માને છે. પોતાના મહત્વનો અહેસાસ ક્યારેય પતિને કે સંતાનોને

ISSN : 3049-3927(Online)

થવા દીધો જ નથી. તેથી મનન નાનીનાં જીવનમાં પરિવર્તન લાવવા માંગે છે. યુવાવસ્થામાં ભારતીને અભિનય અને કથક નૃત્ય માટે વિવિધ પુરસ્કાર પ્રાપ્ત થતા હતા. તેને યાદ અપાવે છે અને વિવિધ ફોટો સમગ્ર પરિવારને બતાવે છે. પરંતુ, પતિ અને સંતાનો દ્વારા તેનો વિરોધ કરવામાં આવે છે. નિર્લજ્જતા તો ત્યારે થાય છે જયારે પોતાનો છોકરો પોતાની માં ના ફોટા પોતાના હાથથી સળગાવે છે. બાળપણનો મિત્ર સેમી ભારતીને સમજાવે છે કે જે પરિવારને જીવનના ચાલીસ વર્ષ આપવા છતાં તેની જગ્યા તેના દિલમાં નહિ ઘર ઘરમાં રહેલા રસોડામાં છે.

આ ઘરને પત્ની, મા કે સાસુની જરૂરિયાત નથી, પરંતુ નોકરાણીની જરૂરિયાત છે. માની તસ્વીરને પુંજવાની જગ્યાએ તેને સળગાવવામાં આવે છે. ત્યારે ભારતીના શરીરમાં નવીન તોફાન ઉદ્ભવે છે અને સતત અપમાનને સહન કરતી ભારતી પતિનો વિરોધ કરે છે અને મોડલિંગ અને ફેશન-શો કરવા માટે તૈયાર થાય છે.

*"માનો તો હમ કુમ કુમ જૈસે*
*ન માનો તો રાખો સે*
*અબ તક થે હમ શૂન્ય જૈસે*
*અબ બનેંગે લાખ કે"*

ભારતીની અંદર રહેલું સ્વાભિમાન જાગૃત થાય છે અને મોડલિંગની દુનિયામાં પ્રગતિના સોપાનો એક પછી એક સર કરે છે. ખોટી સંગતથી ફસાયેલા બાળકોને યુક્તિપૂર્વક સાચા માર્ગ પર પાછા લાવે છે. પોતાની કાબેલિયત અને કામના બળે વુમન્સ ડે પર ભારતીને એવોર્ડ પ્રાપ્ત થાય છે. તેની પાર્ટીમાં આવવા માટે R.K. ભાટિયાને આમંત્રિત કરે છે. ત્યારે પણ તેમના સ્વાભિમાનને ઠેસ પહોચે છે. પોતાને નીચું દેખાડવા માટે પાર્ટીમાં આમંત્રિત કરે છે. તેમ માને છે. ત્યારે મનન કહે છે કે "જે મર્દ સ્ત્રીની ઈજ્જત ન કરી શકે તે મર્દ કહેવાને લાયક જ નથી, જીંદગીના ગણિતમાં નાની હંમેશા ટોપ પર રહી અને તમે શૂન્ય પર"

એવોર્ડ ફંકશનમાં પોતાની સ્પીચમાં પોતાની સફળતાનો શ્રેય પ્રપૌત્ર મનનને આપે છે. દીકરી, બહેન, પત્ની અને દરેક માની જેમ મેં પણ પોતાની આજને બાળકો માટે ત્યાગી દીધી ત્યારે સુકેતુ અને ગાર્ગીની આંખો ભીંજાય જાય છે. R.K. ભાટિયા પોતાની જાત પ્રત્યે પશ્ચાતાપની લાગણી અનુભવે છે. એક સ્ત્રી પતિ અને સંતાનો માટે પોતાના સપના અને અરમાનોનો ત્યાગ કરે છે અને સંપૂર્ણ પરિવાર માટે સમર્પિત થઇ જાય છે.

*"મંજિલે કદમ ચુમેંગે*
*રાસ્તા ખુદ બન જાયેગા*
*હોંસલા કર તું બુલંદ*
*તો આસમા ભી ઝૂક જાયેગા"*

'102 Not Out' અને 'બાએ મારી બાઉન્ડ્રી' નાટક જોતા એક તરફ પિતા-પુત્રનો સંબંધ છે તો બીજી તરફ સંયુક્ત પરિવારમાં સ્ત્રીની કરવામાં આવતી ઉપેક્ષા કેન્દ્રમાં છે. જીવનની અંતિમ ક્ષન સુધી પિતા પોતાના પુત્રના હિતેચ્છુ હોય છે. સતત તેની પ્રગતિ માટે તત્પર હોય છે અને તેના માટે કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે હંમેશા તૈયાર રહે છે. પુત્ર દ્વારા તેનો અનાદર કે અપમાન કરવામાં આવે તો પણ તેના પ્રેમમાં ક્યારેય ઓટ આવતી નથી તેમજ સ્ત્રીની ભૂમિકા પરિવારમાં મહત્વની છે. દીકરી, પત્ની, માતા, સાસુ અને નાની એમ વિવિધરૂપે પતિની સફળતા, બાળકોનો ઉછેર, સંસ્કાર સિંચન અને પરિવારની સાર સંભાળમાં સમગ્ર જીવન અને પોતાના વર્તમાનનો ત્યાગ નિસ્વાર્થ ભાવે કરે છે.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

આમ, બંને નાટકમાં માતા-પિતા, પતિ-પત્ની અને સંતાનો વચ્ચેના સંબંધો અને પરીવાર કેન્દ્રમાં છે.

## સંદર્ભ

૧. ભારતીય નાટ્ય પરંપરા ઔર અભિનયદર્પણ, વાચસ્પતી ગૈરોલ, અવંતિકા પ્રકાશન, ઈલિહાબાદ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૬૭

૨. વાસ્તવવાદી નાટક, ભરત દવે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૫

૩. ૧૦૨ નોટ આઉટ, ફિલ્મ

૪. સુપર નાની, ફિલ્મ